# ઈમિટેશન જ્વેલરી મેકિંગમાં રાજકોટ ભારતમાં પ્રથમ અને સમગ્ર એશિયામાં બીજા નંબરે



## નવરાત્રિ-દિવાળી-લગ્નગાળાની સીઝનમાં ઈમિટેશન જ્વેલરીની માંગમાં મહત્તમ ઉછાળો ટ્રેડીશનલ-એથનિક-ફયુઝન-ટેમ્પલ-મીનાકારી-કુંદન વગેરે પ્રકારની જ્વેલરીનું મોટું માર્કેટ

રાજકોટ, તા. ૯

સોના અને ચાંદીના ભાવ આસમાનને આંબી રહયા છે, ત્યારે મધ્યમવર્ગના માનવીઓના આભૂષણપ્રેમને રાજકોટનો ઈમીટેશન જવેલરી ઉદ્યોગ મહદઅંશે નિખારી રહયો છે.

નમણી નાર માટે કાનની બુટ્ટીઓ - ઝુમકા, સ્ટડ, હૂપ્સ, લટકણીયા, ચાંદબાલી, ડાંગર, ઈયર કફ્સ, ઈયર ક્લાઈમ્બર્સ, ગળાનો હાર - ચોકર્સ, પેન્ડન્ટ સેટ, સ્ટેટમેન્ટ નેકલેસ, મંગળસૂત્ર, લોકેટ, કડલી, કડલા, બંગડીઓ, કડા, હાથના પંજા, પોચી, પગના પાયલ, ઝાંઝર, વીંછીયા, માછલી, માંગ ટિક્કા, કમરબંધ, , કપલ વીટીઓ, બાજુબંધ, નોઝ રિંગ્સ જેવા અગણિત ઘરેણાંઓ અવનવી ડિઝાઈનમાં જોવા મળે છે.પહેલી નજરે અસલી સોના-ચાંદીના દાગીના જેવું જ ફીનીશીંગ ધરાવતા આ તમામ ઘરેણાંઓ ખૂબ નજીવી કિંમતે ઈમિટેશન જ્વેલરીમાં મળી જાય છે. જેમાં અમેરિકન ડાયમંડ, કુંદન, ઓક્સિડાઈઝ્ડ ચાંદી અથવા રોજિંદા આભૂષણોથી લઈને બ્રાઈડલ આભૂષણો વિશેષ રીતે તૈયાર કરવામાં આવે છે. ચોખવટ ન કરીએ તો ભલભલી મહિલાઓ થાપ ખાઇ જાય એ હદની ઈમીટેશન જવેલરી સોનાચાંદીના સાચા આભૂષણોને ટક્કર મારી શકે છે.

**રાજકોટના ઈમિટેશન જ્વેલરી માર્કેટનો નવો નિખારઃ**

ઈમીટેશનના ઘરેણાંઓમાં અવનવી ડિઝાઈન્સ જોવા મળે છે જેમાં ટ્રેડિશનલ, મોડર્ન, એથનિક, ફ્યુઝન, બોહેમિયન, બ્રાઇડલ, પાર્ટી વેર, એન્ટિક, ટેમ્પલ, સાઉથ ઈન્ડિયન સ્ટાઈલસ જોવા મળે છે.આવા ઘરેણાંઓ મોટે ભાગે ગોલ્ડ પ્લેટેડ, સિલ્વર ઓક્સોડાઇઝ્ડ, અમેરિકન ડાયમંડ, કુંદન, પોલ્કી, ઝિર્કોન, પર્લ, ટેરાકોટા, સિલ્ક થ્રેડ, મીનાકારી, જર્મન સિલ્વર જેવી ધાતુઓમાંથી તૈયાર કરવામાં આવે છે. આ ઘરેણાંઓ સમગ્ર ભારતમાં વેચાય છે.

તેમજ વેપારીઓ મારફતે ગલ્ફ દેશો, આફ્રિકા અને દક્ષિણ એશિયા, યુરોપના વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રિ, દિવાળી અને લગ્નની સિઝનમાં માંગ સૌથી વધુ રહે છે, જે પરંપરાગત રીતે વેચાણનો પિક ટાઈમ ગણાય છે.

**સોનાથી સવાયું અને અસ્સલને ઓવરટેક કરતું રાજકોટનું ઈમિટેશન જ્વેલરી માર્કેટ**

ઈમિટેશન જ્વેલરી મેકિંગમાં રાજકોટ ભારતમાં પ્રથમ અને સમગ્ર એશિયામાં બીજા નંબરે આવે છે. સંત કબીર રોડ, શિવશક્તિનગર અને પ્રજાપતિનગર જેવા વિસ્તારોમાં ઈમીટેશન જવેલરીના હજારો ઉત્પાદન એકમો ધમધમે છે. રાજકોટને એશિયાના સૌથી મોટા ઈમિટેશન જ્વેલરી માર્કેટ્સમાંનું એક માનવામાં આવે છે. પરંપરાગત રીતે, આ એકમો ઘરઆંગણે અથવા નાના વર્કશોપમાં કામ કરતા કુશળ કારીગરો પર આધારિત છે. દિનપ્રતિદિન મોંઘાં થતા જતા સોનાએ ઈમિટેશન જ્વેલરીની ખપત વધારી છે. ત્યારે ઈમિટેશન જ્વેલરી એસોસીએશનના અંદાજ મુજબ રાજકોટ અને આસપાસના જિલ્લાઓમાં અંદાજિત ૫ લાખ થી વધુ લોકો ઈમિટેશન જ્વેલરીના નાના-મોટા કામ કરીને પોતાની રોજી-રોટી મેળવે છે. અંદાજિત ૩.૫ લાખ જેટલી મહિલાઓ આ વ્યવસાય સાથે સંકળાયેલી છે. રાજકોટના ઇમિટેશન જ્વેલરી ક્ષેત્રનો વાર્ષિક ટર્નઓવર અંદાજે રૂ૫૦૦ કરોડની આસપાસ હોવાનું માનવામાં આવે છે.

**ડિઝાઈનમાં નવીનતા અને બ્રાન્ડિંગ દ્વારા બજારમાં અલગ ઓળખ મજબૂત કરવી**

રાજકોટના એમ.એસ. એમ.ઇ. (સૂક્ષ્મ, મધ્યમ અને લઘુ ઉદ્યોગો) સેકટરનું મહત્વનું અંગ એવા ઈમીટેશન જવેલરી ક્ષેત્રને વધુ વિકસિત કરવા માટે ડિઝાઈનમાં નવીનતા અને બ્રાન્ડિંગ દ્વારા બજારમાં અલગ ઓળખ મજબૂત કરવી, ઔપચારિક માધ્યમો, ગુણવત્તા પ્રમાણપત્રો અને વૈશ્વિક માર્કેટિંગ દ્વારા નિકાસ વધારવી, વેચાણ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અને માર્કેટિંગ માટે ટેક્નોલોજીનો માહત્તમ ઉપયોગ વગેરે જેવા વ્યૂહાત્મક પગલાંઓથી આ ક્ષેત્ર વધુ ઉજળું બનવાના સંજોગો ઉભા થયા છે

**ખાસ લેખ-સોનલ જોષીપુરા, રાજ લક્કડ**

# સોમનાથઃ પૃથ્વીના તેજપૂંજ સમાન 'કૈલાસ મહામેરૂ પ્રાસાદ'નો ઈતિહાસ અને સ્થાપત્ય વૈભવ

મિતેશ પરમાર, વેરાવળ

સોમનાથ માત્ર દેવાલય નથી, તે પ્રભાસક્ષેત્ર છે. સ્કંદપુરાણના પ્રભાસખંડ મુજબ, જંબુદ્વીપના નવ ભાગોમાં ભારતવર્ષ અને ભારતવર્ષના નવમા ભાગ સમાન સૌરાષ્ટ્રનું રત્ન એટલે પ્રભાસ. આ પવિત્ર ભૂમિ પર બિરાજતા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનો ઈતિહાસ વિનાશ સામે સર્જનના વિજયની અપ્રતિમ ગાથા છે.

સરદાર પટેલનો ઐતિહાસિક સંકલ્પ અને પુનઃનિર્માણ

૧૩ નવેમ્બર ૧૯૪૭, વિક્રમ સંવતના નૂતન વર્ષના મંગલ દિવસે ભારતની એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે મંદિરના ભગ્નાવશેષો જોઈને સમુદ્રજળની અંજલિ લઈ સંકલ્પ કર્યો હતો કે, "સોમનાથના મંદિરનું પુનઃનિર્માણ થવું જોઈએ.'' આ સંકલ્પને સાકાર કરવામાં જામસાહેબ દિગ્વિજયસિંહજી, ક.મા. મુનશી અને કાકાસાહેબ ગાડગીલ જેવા મહાનુભાવોનો સિંહફાળો રહ્યો છે. ૧૯૫૧માં ડો. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે આ આધુનિક મંદિર રાષ્ટ્રને સમર્પિત થયું હતું.

સ્થાપત્યનો અજોડ સંગમઃ કૈલાસ મહામેરૂ પ્રાસાદ

વાસ્તુશાસ્ત્રની નાગર શૈલીમાં નિર્મિત આ મંદિર 'કૈલાસ મહામેરૂ પ્રાસાદ' તરીકે ઓળખાય છે. આ સ્થાપત્યની કેટલીક અદભૂત લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

પરિમાણઃ મંદિરની ઊંચાઈ ૧૫૫ ફૂટ છે, જેના પર ૩૭ ફૂટનો ધ્વજદંડ અને ૧૦૪ ફૂટની વિશાળ ધ્વજ લહેરાય છે.



ચંદ્ર-શિવ સાયુજયઃ કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ આકાશનો ચંદ્ર અને ગર્ભગૃહનું શિવલિંગ એક સીધી રેખામાં આવે છે, જે એક અલૌકિક દ્રશ્ય સર્જે છે.

કળશ અને શિખરઃ ગર્ભગૃહના શિખર પર ૧૦ ટન વજનનો પથ્થરનો કળશ છે, જ્યારે સભા અને નૃત્ય મંડપના ઘુમ્મટ પર ૧૦૦૧ નાના કળશ કંડારાયા છે.

ભૌગોલિક વિશેષતાઃ મંદિરના દક્ષિણ ભાગમાં આવેલ 'બાણસ્તંભ' સૂચવે છે કે અહીંથી દક્ષિણ ધ્રુવ સુધી સીધી લીટીમાં ક્યાંય જમીનનો ટુકડો આવતો નથી.

આક્રમણો સામે અજેય આસ્થા

સોમનાથ પર ૧૦૨૬માં મહમદ ગઝનીથી લઈને ૧૭૦૧માં ઔરંગઝેબ સુધીના અનેક આક્રમણખોરોએ હુમલા કર્યા, પરંતુ દરેક વખતે હિન્દુ ધર્મપ્રેમીઓએ તેનો જીર્ણોદ્ધાર કર્યો. ભાવ બૃહસ્પતિની 'સોમનાથ પ્રશસ્તિ' મુજબ, આ મંદિર સતયુગમાં સોમ (ચંદ્ર) દ્વારા, ત્રેતામાં રાવણ દ્વારા, દ્વાપરમાં શ્રીકૃષ્ણ દ્વારા અને કળિયુગમાં ભીમદેવ સોલંકી દ્વારા નિર્મિત થયું હોવાનું મનાય છે.

આધુનિક નેતૃત્વ અને સાંસ્કૃતિક વારસો

સોમનાથ ટ્રસ્ટના માધ્યમથી લાલકૃષ્ણ અડવાણી, કેશુભાઈ પટેલ અને વર્તમાન અધ્યક્ષ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સોમનાથનો કાયાકલ્પ થયો છે. યાત્રિકો માટે સુવિધાઓ, લાઈટ એન્ડ સાઉન્ડ શો અને 'સોમનાથ વર્તમાન' માસિક જેવા માધ્યમોથી ભક્તોને જોડાવાના પ્રયાસો થઈ રહ્યા છે.

લોકપરંપરાનું પર્વઃ કાર્તિકી પૂર્ણિમાનો મેળો

ગરવા ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કર્યા બાદ, સોરઠની જનતા સોમનાથના ભાતીગળ મેળામાં ઉમટી પડે છે. કારતક માસની તેરશથી પૂનમ સુધી ભરાતો આ મેળો સોરઠની લોકસંસ્કૃતિનું ધબકતું પ્રતીક છે.આજે સોમનાથ માત્ર એક દેવાલય નથી, પણ ભારતવર્ષના પુનરુત્થાન અને અખંડ શ્રદ્ધાનું પ્રતીક બનીને અરબી સમુદ્રના તટે અડીખમ ઊભું છે.

# સોમનાથમાં ગિરનાર તીર્થક્ષેત્રનો સાધુ-સંતોનું આગમન



મિતેશ પરમાર, વેરાવળ,

સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમન પૂર્વે ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો છે, આજે ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતોએ સોમનાથના શંખચોકથી પદયાત્રા કરીને દેવાધિદેવ ભગવાન મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતા. આ આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરતી પદયાત્રામાં રાજયના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવો જોડાયા હતા.

આ પદયાત્રામાં ગિરનાર તીર્થક્ષેત્રના ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રાનંદગીરી બાપુ, હરીહરાનંદ બાપુ સહિતના સાધુ સંતો જોડાયા હતા, આ દરમિયાન મોટી સંખ્યામાં સાધુ સંતોએ ભગવાન શિવજીના પ્રિય વાદ્ય ડમરૂના નાદનો ગુંજારવ કરીને આધ્યાત્મિક ઉર્જા પ્રસરાવી હતી. ઉપરાંત ૭૫ જેટલા ઢોલ વાદકો સાથેના સિદ્ધિવિનાયક ઢોલ ગ્રુપે તાલબદ્ધ પ્રસ્તુતિથી અનેરો માહોલ સર્જ્યો હતો.

આ પદયાત્રામાં ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, અગ્રણી ધવલભાઈ દવે, પુનિતભાઈ શર્મા, ઝવેરીભાઈ ઠકરાર સહિતના મહાનુભાવો જોડાયા હતા અને ભાવભેર ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.આ પદયાત્રામા દરમિયાન પુષ્પવર્ષા સાથે સાધુ સંતો અને મહાનુભાવનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રાથી સમગ્ર સોમનાથ મંદિર પરિસરમાં ભવ્ય અને દિવ્ય વાતાવરણ સર્જાયું હતું, ઉપરાંત ઉપસ્થિત ભાવિકોએ પણ સાધુ સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં શિવઆરાધનામાં શ્રોતાઓ શિવભક્તિના રંગે રંગાયા

મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથ સ્વાભિમાન પર્વના પ્રથમ દિવસે સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી ડો. પ્રદ્યુમન વાજા અને કૌશિક વેકરિયાસહિતના મહાનુભાવો જોડાયા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો કિર્તીદાન ગઢવી, જીગરદાન ગઢવી અને ઉમેશ બારોટે સોમનાથ મહાદેવની આરાધના અને ભજનો સાથે આપણી સંસ્કૃતિ, ધરોહર અને સનાતન ધર્મને સંગીતના સૂરોના તાંતણે બાંધી અહોભાવ સાથે શિવ



ભક્તિમાં તરબોળ કરતા ગીતોની રમઝટ બોલાવી હતી. ઉપસ્થિત પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની શિવ ભક્તિમાં લીન બન્યા હતા અને સંગીતમાં ઝૂમ્યા હતા.

પ્રેક્ષકોએ પણ આત્મીયતાથી આ કાર્યક્રમ સાથે જોડાઈ શિવ ભક્તિના અનેક ગીતોની સાથે તાળીઓ સાથે કલાકારોના સૂરમાં સૂર પુરાવ્યો હતો. સાંઈરામ દવેએ સાહિત્યની પ્રસ્તુતિ સાથે સોમનાથ મહાદેવની સ્થાપના, વિદેશી આક્રમણો અને આપણા યોદ્ધાઓ તથા આજે પણ અડીખમ આ સોમનાથ મંદિર તથા આપણા ઐતિહાસિક ધરોહર વિશે વાત કરી હતી.

કર્ણપ્રિય ગીત સંગીત, રોશનીથી દીપી ઊઠેલું મંદિર પરિસર અને નીરખી નિરખીને પણ મન ન ભરાય એવું અલૌકિક સોમનાથ જ્યોર્તિલિંગનું દેવાલય, આ ત્રિવેણી સંગમથી જાણે દિવ્ય વાતાવરણનું સર્જન થયું હતું. કલાકારોએ શિવ ભક્તિના ગીતોની સાથે ગરબાની પણ રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, પૂર્વ સાસંદ મોહનભાઈ કુંડારીયા, સચિવો આલોક પાંડે, ટી. નાગરાજન, દિલીપ રાણા, સોમનાથ કલેક્ટર એન.વી. ઉપાધ્યાય સહિતના ઉપસ્થિત રહ્યા હતા

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સભામાં સહભાગી થતાં નાગરિકો માટે ટેક્નોલોજીથી થશે પાર્કિંગ નિયમન

## ત્રણ પાર્કિંગ સ્થળોએ ૨૦૦૦ જેટલી બસ અને ૭૦૦થી વધુ કાર પાર્કિંગની વ્યવસ્થા

વેરાવળ,'સોમનાથ સ્વાભિમાન પર્વ' દ્વારા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાનો અનેરો સંગમ સર્જાયો છે. ભક્તિ અને શ્રદ્ધાના આ પર્વમાં સહભાગી થવા માટે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિત રાજ્યભરમાંથી શ્રદ્ધાળુઓ ટ્રેન અને બસ મારફતે સોમનાથ પહોંચી રહ્યાં છે.

આ પર્વના અંતિમ ચરણમાં સદભાવના મેદાન ખાતે તા.૧૧ ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જંગી મેદનીને સભા સંબોધન કરશે. આ દરમિયાન શ્રદ્ધાળુઓને અગવડ ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ટ્રાફિક નિયમન તેમજ સુનિયોજીત પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા આ સભામાં અપેક્ષિત નાગરિકો માટે ૭૦૦ થી વધુ કાર પાર્કિંગ તેમજ સદભાવના મેદાન, કાજલી અને સરોવર પોર્ટિકો પાસેના મેદાનમાં એમ કુલ ત્રણ પાર્કિંગમાં ૨૦૦૦ કરતા વધુ બસનું સરળતાથી પાર્કિંગ નિયમન થઈ શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ઉપરાંત પાર્કિંગ સ્થળોએ રાજકોટ માટે પીળો, પોરબંદર માટે જાંબલી, જૂનાગઢ માટે બ્લૂ વગેરે કલર કોડ મુજબ સાઈન એજીસ પણ લગાવવામાં આવ્યા છે. જેથી નાગરિકો માટે સરળતાથી ટ્રાફિક અને પાર્કિંગનું આયોજન થઈ શકે. તમામ પાર્કિંગ સ્થળો પર માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા મેદાન સમથળ કરી, માર્કિંગ કરી અને પાર્કિંગ વ્યવસ્થામાં કોઈપણ અગવડતા ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે તેમજ વીજવિભાગ દ્વારા વીજવાયરો યોગ્ય કરી અને બસ તેમજ વાયર વચ્ચે સલામત અંતર જળવાય અને કોઈ અનિચ્છનિય ઘટના ન બને તેનું પણ ખાસ ધ્યાન રખાયું છે.

વધુમાં ફરજ પરના કર્મચારીઓ અને નાગરિકો માટે પીવા માટે પાણીની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોકની વ્યવસ્થા, લાઈટિંગની વ્યવસ્થા તેમજ એનાઉન્સ માટે મંડપ, સ્પીકર અને બેસવા માટે ખુરશીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ત્રણ મેદાનમાં ગોઠવવામાં આવી છે પાર્કિંગ વ્યવસ્થાઃ સદભાવના મેદાન ખાતે જૂનાગઢ, તાલાલા અને વેરાવળની બસનું પાર્કિંગ, કાજલી ખાતે બોટાદ, ભાવનગર, અમરેલી,સૂત્રાપાડા, ઉના, ગીરગઢડા તેમજ કોડીનારની બસનું પાર્કિંગ અને સરોવર પોર્ટિકો ખાતે રાજકોટ, જામનગર, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાની બસ માટે પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વની રવાડીમાં ઢોલ તાશાએ જમાવ્યું ભારે આકર્ષણ

## ઢોલ અને તાશાના પૂર્ણ વાદન સાથે યાત્રિકો પણ નાચી ઊઠ્યા, ત્રણ ઢોલ તૂટી ગયા

વેરાવળ, સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિત ભવ્ય રવાડી દરમિયાન સમગ્ર સોમનાથ નગરી ભક્તિ અને ઉત્સાહથી ગુંજી ઊઠી હતી. રવાડીમાં રાજયના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ભક્તો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ રવાડી દરમિયાન ઢોલ-તાશાના કલાકારોએ પોતાની મનમોહક અને જોરદાર રજૂઆતથી વિશેષ આકર્ષણ ઉભું કર્યું હતું. અંદાજે ૫૦ જેટલા કુશળ કલાકારોએ ઢોલ અને તાસાના તાલ-લય સાથે પરંપરાગત સંગીત પ્રસ્તુત કરી વાતાવરણને રંગીન



બનાવી દીધું હતું. ગગનભેદી નાદ સાથે યાત્રિકો પણ નાચી ઊઠથા હતા. વાદન એટલું જોશ પૂર્ણ હતું કે ત્રણ જેટલા ઢોલ તૂટી ગયા હતા.

ઢોલ-તાશાના ગુંજતા નાદ સાથે રવાડી આગળ વધતી રહી, જેના કારણે માર્ગના બંને બાજુ ઊભેલા દર્શકોમાં પણ ઉત્સાહની લાગણી જોવા મળી હતી. કલાકારોની સંકલિત રજૂઆતએ સમગ્ર કાર્યક્રમને લોકોત્સવના સ્વરૂપમાં રૂપાંતરિત કર્યો હતો.

રવાડી દરમિયાન ભક્તો દ્વારા જય શિવશંકર અને હર હર મહાદેવના નાદ સાથે સનાતન સંસ્કૃતિની મહિમા ગુંજાવવામાં આવી હતી. ઢોલ-તાશાના તાલ સાથે ભક્તિ અને આનંદનો અનોખો સંગમ સર્જાયો હતો. આ રીતે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત નીકળેલી રવાડીમાં ઢોલ-તાશાના કલાકારોની પ્રસ્તુતિએ કાર્યક્રમની ભવ્યતા અને સાંસ્કૃતિક વૈભવને વધુ ઉજાગર કરી, ઉપસ્થિત સૌ માટે આ ક્ષણોને યાદગાર બનાવી દીધી હતી.

# શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી વાહનો માટે પ્રવેશ બંધ

## સફારી સર્કલથી વાહન પ્રવેશ કરી ટ્રસ્ટના પાર્કિંગમાં પાર્કિંગ વ્યવસ્થા ગોઠવાઈ

વેરાવળ,સોમનાથ સ્વાભિમાન પર્વ'ને અનુલક્ષીને તા. ૧૦ અને તા.૧૧ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ પધારવાના છે. આ દરમિયાન શૌર્યયાત્રા તેમજ સદભાવના મેદાન ખાતે સભા સહિતના કાર્યક્રમો યોજાશે.

શૌર્યસભા તથા સભા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય એ માટે શંખ સર્કલ થી હમીરજી સર્કલ સુધી વાહનો માટે પ્રવેશ બંધ કરાયો છે અને દર્શનાર્થીઓ માટે સફારી સર્કલ થઈ અને સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા સહિત ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૧/૦૧/૨૦૨૬ ના સવારે ૮.૦૦ કલાકેથી ૧૩.૩૦ કલાક સુધી સોમનાથ મંદિર દર્શનાર્થીઓની સુગમતા હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રાજેશ આલ દ્વારા ડાયવર્ઝન અને વાહનોના પ્રવેશબંધી અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. આ જાહેરનામા અનુસાર વડાપ્રધાનશ્રીની જાહેર સભા અન્વયે કાયદો અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને ટ્રાફિક નિયમન માટે શંખ સર્કલ થી હમીરજી સર્કલ સુધી વાહનો પર પ્રવેશબંધ કરી અને સફારી સર્કલ થી અવધુતેશ્વર સામે આવલા સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગ એક્ઝિટ ગેટ થી વાહન પ્રવેશ કરી અને પાર્કિંગમાં વાહન પાર્ક કરી મંદિર સુધી પગપાળા ચાલતા દર્શન કરવા જવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૧૧/૦૧/૨૦૨૬ ના સવારે ૮.૦૦ કલાક થી ૧૩.૩૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામું ફરજ પરના સરકારી વાહન, મેડિકલ વાહનને લાગુ પડશે નહી તેમજ જાહેરનામાના ભંગ બદલ કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.